
DATE :- 30-08-2025

DIVYA BHASKAR, PAGE-02, SURAT

## ચોમાસામાં લોકોને નડતી સમસ્યા મુદ્દે પાલિકા-મેટ્રોની બેઠક




મેટ્રોએ મૂકેલા બેરિકેડ દૂર કરાયા હતા.

# 16 કિમીના મેટ્રો રૂટ બેરિકેડ મુક્ત 2 માસમાં વધુ 3 કિમી ખુલ્લા કરાશે


ટ્રાન્સપોર્ટ રિપોર્ટર | સુરત


ચોમાસામાં લોકોને નડતી સમસ્યાઓને ધ્યાને રાખીને શુક્રવારે મેયર, સ્ટેન્ડિંગ ચેરમેનની અધ્યક્ષતામાં મેટ્રોના અદિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. બેઠકનો મુખ્ય એજન્ડા મેટ્રો પ્રોજેક્ટને કારણે રસ્તા, બેરિકેડિંગ અને ડ્રેનેજ સંબંધિત સમસ્યાઓના ઉકેલ હતો. અધિકારીઓએ જણાવ્યું કે જ્યાં મેટ્રોનું કામ પૂર્ણ થયું છે, ત્યાંથી બેરિકેડ દૂર કરી રસ્તા ખુલ્લા કરાયા છે. હાલમાં 16 કિમી ખુલી ગયા છે, જ્યારે 13 કિમીમાં બેરિકેડ છે. બે મહિનામાં વધુ 3 કિમીના બેરિકેડ દૂર કરાશે. એટલે કે વર્ષના અંત સુધીમાં 20 કિમીના રૂટ બેરિકેડથી મુક્ત થઈ જશે. બેઠકમાં એ પણ સ્પષ્ટ કરાયું હતું કે જ્યાં ભૂગર્ભ કાર્ય ચાલે છે ત્યાં સુરક્ષા કારણોસર બેરિકેડ રહેશે. વરસાદથી અસરગ્રસ્ત રૂટના સમારકામની જવાબદારી મેટ્રોના કોન્ટ્રાક્ટરો કરશે. ઘણી જગ્યાએ સમારકામ પૂર્ણ થઈ ગયું છે અને બાકીનાં સ્થળોએ ઝડપથી કામ ચાલી રહ્યું છે. ડ્રેનેજ લાઇનને થયેલા નુકસાનનું સમારકામ પાલિકા કરશે, જેનો ખર્ચ મેટ્રો દ્વારા ઉઠાવવામાં આવશે.